બેંક ઓફ બરોડા વર્લ્ડ ફૂડ ડેની ઉજવણી કરવા 'બરોડા કિસાન દિવસ'ની ઉજવણી કરશે

મુંબઈ, બેંક ઓફ બરોડાએ ભારતભરમાં ૧ ઓક્ટોબરથી 'બરોડા કિસાન પખવાડા'ની શરૂઆત કરી હતી, જે ૧૬ ઓક્ટોબરનાં રોજ ''વર્લ્ડ ફૂડ ડે''નાં દિવસે ''બરોડા કિસાન દિવસ''ની ઉજવણી સાથે સંપન્ન થશે.

બેંક ઓફ બરોડાએ કેટલીક કંપનીઓ અને સરકારી સંસ્થાઓ સાથે ૪૨ એમઓયુ (સમજૂતીકરાર) કર્યા છે, જેનો ઉદ્દેશ વિવિધ નાણાકીય ઉત્પાદનો મારફતે ખેડૂતો, સપ્લાયર્સ, વિક્રેતાઓને મદદ કરવાનો છે. આ એમઓયુમાં ખેડૂતોને મદદ નાણાકીય સહાય કરવા એગ્રિ કોર્પોરેટ સાથે, ઉદ્યોગની પ્રેક્ટિસ મુજબ નવા ટ્રેક્ટરની ફાઈનાન્સિંગ સ્કીમ લોંચ કરવા, કૃષિ ઉપકરણનાં ધિરાણ માટે કુશળ સેલ્સ ફોર્સ લાવવા ખુલ્લાં બજારમાંથી ડાયરેક્ટ સેલ્સ ટીમની ભરતી કરવા, લોન પ્રોસેસિંગ સિસ્ટમનું ઓટોમેશન કરવા રિજનલ/ઝોનલ સાથેનું જોડાણ સામેલ છે તેમજ લોન લાઈફ સાઈકલ પ્રોસેસિંગ સિસ્ટમ (એલએલપીએસ)ને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે બેંક ઓફ બરોડાનાં એમડી અને સીઈઓ શ્રી પી એસ જયકુમારે કહ્યું હતું કે, ''સરકાર કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા નોંધપાત્ર પ્રયાસ કરે છે. બેંક ઓફ બરોડામાં અમે કૃષિ-અર્થતંત્રનાં મહત્ત્વને સમજીએ છીએ તથા બરોડા કિસાન પખવાડા અને બરોડા કિસાન દિવસની ઉજવણી કરીને અમે આપણાં ખેડૂતોનો રાષ્ટ્રનિર્માણનાં પ્રયાસો માટે આભાર માનીએ છીએ. અમને આશા છે કે ખેડૂત સમુદાયને આ પ્રવૃત્તિઓથી સારો એવો લાભ થશે, કારણ કે તેનાથી તેમને વ્યક્તિગત લાભ થવાની સાથે દેશને પણ ફાયદો થશે.''(૧)

અન્નુ કપૂર ઝી ટીવી પર પાછા આવી રહ્યા છે !

ઝી ટીવીનો અનન્ય રિયાલિટી શો અંતાક્ષરી લગભગ ૧૩ વર્ષ સુધી હોસ્ટ કર્યા બાદ, શોના ઓરિજીનલ અને એવરગ્રીન અન્નુ કપૂર ઝી ટીવી પાછા આવી રહ્યા છે, દર્શકો પર તેમનો જાદુ પાથરવા માટે. આ બહુવિધ પ્રતિભાશાળી કલાકાર તમારા પસંદગીના ઝી ટીવીના કલાકારોની વચ્ચે અંતાક્ષરીની સ્પર્ધા હોસ્ટ કરતા જોવા મળશે, ઝી રિશ્તે એવોર્ડ-૨૦૧૮ની સૌથી વધુ રાહ જોવાતી ઘડીમાં વધું એકનો ઉમેરો થયો છે. અંતાક્ષરીના રાજાની સાથેની આ ટ્રીપ પર જોડાવવા દર્શકો માટે આ સુપર રોકિંગ એપિસોડ ૧૩મી ઓક્ટોબર, શનિવારે ફક્ત ઝી ટીવી પર પ્રસારિત થશે! છેલ્લા ૨૬ વર્ષથી ઝી ટીવી અસમાન્ય કન્ટેન્ટ, યાદગાર વાર્તાઓ અને સંબંધિત પાત્રોને લાવીને દર્શકોને મનોરંજન પૂરું પાડી રહ્યું છે. આ પાત્રો હવે તેમના જીવનના અભિન્ન અંગ બની ગયા છે. તેઓ તેમની ખુશી સાથે હસે છે અને તેમના દુઃખની સાથે રડે છે. ભારતમાં ટેલિવિઝન લોકોના રોજિંદા જીવનનો હિસ્સો બની ગયો છે, ત્યારે આવખતે ચેનલે એક ડગલું આગળ વધીને વધુ એક અસામાન્ય પગલું લઈને ચેનલ અને દર્શકોને સાથે જોડ્યા છે, જેમાં તેઓ એક ખરેખર જીવનની જોડી પ્રિયા સિંઘ અને સન્ની કક્કરના લગ્નને તેમના વાર્ષિક એવોર્ડ દરમિયાન યોજશે. આ ભવ્ય ભારતીય લગ્નની નસીબદાર જોડી બરેલીની છે, પ્રિ-વેડિંગ ઉજવણી પણ તેઓ ઘણી વૈભવી રીતે કરવાના છે. આ જોડીની સંગીત સેરેમની તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં સમગ્ર ઝી ટીવી પરિવારના સિતારાઓની એક અંતાક્ષરી યોજવામાં આવી હતી, જે સેશનનું હોસ્ટીગ અનુભવી અન્નુ કપૂરે કર્યું હતું. હોસ્ટે કેટલાક લડકાવાલા અને લડકીવાલાને બ્લોકબસ્ટર ગીતો ગાવા કહ્યા અને લગ્નની ઉજવણીની મજા માણી. (૧૯-૮)

મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે સેવિંગ્સ એડવાન્ટેજ પ્લાન લોન્ચ કર્યો

અમદાવાદ, ભારતમાં અગ્રણી જીવન વીમા કંપનીમાંથી એક મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે નોન- લિંક્ડ સહભાગી જીવન વીમા યોજના મેક્સ લાઈફ સેવિંગ્સ એડવાન્ટેજ પ્લાન (એસએપી) લોન્ચ કર્યાની જાહેરાત કરી છે, જે પોલિસીધારકને પ્રીમિયમ ચુકવણીની મુદતે અને પોલિસીની મુદત પસંદ કરવાની સાનુકૂળતા, કોઈ પણ જીવનના તબક્કાની જરૂરતોને પહોંચી વળવા માટે સંપત્તિ ભંડોળ નિર્માણ કરવા માટે પદ્ધતિસર બચતો અને કોઈ પણ કટોકટી માટે તૈયાર રહેવા રક્ષણ એમ ત્રણ લાભ આપે છે.

મેક્સ લાઈફ સેવિંગ્સ એડવાન્ટેજ પ્લાન એવી સાનુકૂળતા સાથે આવે છે, જેને લીધે ગ્રાહકો તેમની ઈચ્છિત સિદ્ધિઓ અનુસાર પ્રીમિયમ ચુકવણીની મુદત અને પોલિસીની મુદત પસંદ કરીને ટૂંકા, મધ્યમ અથવા લાંબા ગાળાનાં જીવનનાં લક્ષ્યોને સાકાર કરી શકે છે. આ યોજના એકસામટી રકમમાં અથવા ૧૦ વર્ષ માટે નિયમિત માસિક અથવા વાર્ષિક આવકમાં મેચ્યુરિટી લાભ અથવા મૃત્યુ લાભ લેવાની પણ ગ્રાહકોને સાનુકૂળતા આપે છે.

આ યોજના ગ્રાહકોને પદ્ધતિસર રીતે તેમનાં નાણાંકીય લક્ષ્યોને હાંસલ કરવામાં મદદરૂપ થવા યોજના મેક્સ લાઈફ સેવિંગ્સ એડવાન્ટેજ પ્લાન મેચ્યુરિટી પર ખાતરીદાયક વીમિત રકમના ૧૧૦ ટકાનો ઉત્કૃષ્ટ મેચ્યુરિટી લાભ આપે છે. (૨૨-૧)

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

કોમેડી સર્કસ ઉપર ડાન્સીંગ અંકલ ઝૂમે છે

પ્રખ્યાત ડાન્સીંગ અંકલ કે જેમને પોતાની ગોવિંદા સ્ટાઈલથી ડાન્સ કરીને બધાના દિલ જીતી લીધા છે તેઓ પોતાની એક અલગ રીતે ટેલિવિઝન ઉપર પાછા આવી રહ્યા છે! ખૂબ જ પ્રતિભાશાળી સિધ્ધાર્થ સાગરે ડાન્સિંગ અંકલની કોપી કરી હતી અને બધા હાસ્યથી લોથપોથ થઈ જાય ત્યાં સુધી દરેકજણનું મનોરંજન કર્યુ હતુ. સૌથી અગ્ત્યની પ્રતિભા, છે થંભ્યા વગરનુ હાસ્ય જે દરેક જણને ગીતા કપૂર, રાઘવ જયુઆલ, ધર્મેશ અને પુનીત પાઠકની સાથે દરેકને માટે આ વિકેન્ડ અદભુત બનાવી દેશે. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના કોમેડિ સર્કસ ઉપર કોમેડિયનનુ આખુ જૂથ બધાનુ મનોરંજન કરવા પાવર પેક ડોઝનું વચન આપે છે.

ડાન્સિંગ અંકલ સોશીયલ મીડિયા ઉપર હાલમાં એટલે કે જયારે તે 'દશ કા દમ' ના મહત્વના શો માં સલમાન ખાન અને દર્શકોનુ મનોરંજન કરતા જોવા મળ્યા હતા ત્યારે દુર્મતના સ્ટેટસ ઉપર પહોંચ્યા હતા. સિધ્ધાર્થ સાગરે અસાધારણ અવલોકન કૌશલ્ય વડે તેના ચારીત્રનો અભ્યાસ કર્યો હતો અને સંજીવ શ્રીવાસ્તવ એટલે કે ડાન્સીગ અંકલના કૌશલ્યની ખૂબ જ સુંદર રીતે કોમીક કર્યુ હતુ. આ એકટ એક શ્રેષ્ઠ એકટ હતુ અને નિર્ણાયકોએ અને તેમની ટીમના સભ્યો- મુબીન સૌદાગર અને કરીષ્મા શર્માએ તેના એકટને ઉભા થઈને સલામી પાઠવી હતી.(૧૯-૮)

મેક્સિસ ટાયર્સ દ્વારા અમદાવાદમાં પ્રથમ ડિલર્સ મીટ યોજાઈ

અમદાવાદ, વિશ્વની સૌથી વધુ ટૂ-વ્હિલર ટાયર ઉત્પાદકતા અને ઝડપથી વિકસિત થતી વૈશ્વિક ટાયર કંપની મેક્સિસ ગ્રુપની સબ-કંપની મેક્સિસ ઈંડિયા દ્વારા આજે સાણંદમાં તેના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ખાતે તેની પ્રથમ ડિલર્સ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં અમદાવાદ, બરોડા અને ઉત્તર ગુજરાતમાંથી ૮૩ ડિલર્સ ઉપસ્થિત રહ્યાં હતા, જ્યાં તેઓને વિવિધ ભારતીય પ્રયોગ અને ઉદ્યોગ સર્વોત્તમ વોરંટી અને પારદર્શક દાવા સમાધાન પ્રક્રિયા માટે રચના કરાયેલી મેક્સિસની વિશ્વસ્તરીય ટાયર રેંજ વિશે માહિતી આપવામાં આવી હતી. ડિલર્સને પ્રોડક્શન લાઈન દર્શાવવા પ્લાન્ટમાં એક નાના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું અને મેક્સિસની ઉત્પાદન શક્તિ અને ઉત્કૃષ્ટતાની ઝલક આપવામાં આવી હતી.

આ પ્રસંગે બોલતા બિંગ-લીન વુ, રિટેલ સેલ્સ હેડ, મેક્સિસ ઈંડિયાએ જણાવ્યું, "મજબૂત ગ્રાહક પ્રથમ અભિગમ સાથે મેક્સિસ આગામી પેઢી માટેના ટાયર છે. અમે રજૂ કરતા ગર્વ અનુભવી રહ્યાં છીએ કે અમે અમારા ગ્રાહકોને મેક્સિસ ૨-વ્હિલર ટાયર સાથે ઉદ્યોગમાં શ્રેષ્ઠ એવી ૫+૧ બિનશરતી વોરંટી સહિતની શ્રેષ્ઠ સ્કિમ અને પારદર્શક દાવા (ક્લેઈમ) સમાધાન પ્રદાન કરી રહ્યાં છીએ. ગુજરાત અમારા માટે મહત્વપૂર્ણ ૨-વ્હિલર બજાર છે અને અમે આ પ્રદેશમાં પહેલાથી જ ૨૧૦ ડિલર્સ સાથે જોડાઈ ગયા છીએ. સમગ્ર ભારતમાં કુલ ૯૧૫ ડિલર્સ સાથે અમે ભારતીય બજારમાં મજબૂત પકડ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ અને ૨૦૨૩ સુધીમાં ભારતીય ૨-વ્હિલર ટાયર બજારનો ઓછામાં ઓછો ૧૫% પ્રાપ્ત કરીશું."(૧-૭)

રેડબુલ મ્યુઝિકે હજારો વિદ્યાર્થીઓને મોહિત કર્યા



ગાંધીનગરમાં કર્ણાવતી યુનિવર્સિટી ખાતે શુક્રવારે સાંજે હજારો વિદ્યાર્થીઓને રેડ બુલ મ્યુઝિક પ્રેઝેન્ટ્સ પ્રતીક કુહાડ અને મોજોજોજો સાથે પ્રતીક કુહાડનું કર્ણપ્રિય પોપ સંગીત અને મોજોજોજોનો બાસ હેવી સાઉન્ડ્સની રમઝટ માણવા મળી હતી.

સુંદર શરૂઆત સાથે પ્રતીક કુહાડે ભેગા થયેલા લોકોને તેના નવી ઈપી કોલ્ડ/ મેસ તેમ જ તેના પદાર્પણ ફુલ-લેન્ગ્થ આલબમ ઈન ટોકન્સ એન્ડ ચાર્મ્સ અને ૨૦૧૩ની તેની હિંદી ઈપી રાત રાઝી સાથે સદા લોકપ્રિય ટાઈટલ સોંગ સાથે રીઝવ્યા હતા. મનોરંજક સંધ્યા માટે મંચને સુસજ્જ કરતાં પ્રતીક કુહાડે મોજોજોજોને ત્યાર પછી સૂત્રો સોંપ્યાં હતાં.

ઝડપથી ભૂસકા મારવાના પ્રકારોમાં પોતાની ક્ષમતા માટે સ્થાપિત નામ દિલ્હી સ્થિત ડીજે/ પ્રોડ્યુસર મોજોજોજોએ લોકોને બાસ હેવી સાઉન્ડ્સથ મોહિત કર્યા હતા અને ગેટ-ગોથી તેમને નચાવ્યા હતા. ૨૦૧૪માં પ્રથમ ઈપી રિલીઝ થયું ત્યારથી મોજોજોજોએ દેશમાં અમુક સૌથી મોટા સંગીત મહોત્સવોમાં સંગીત આપ્યું છે, જેમાં વીએચ૧ સુપરસોનિક, ઈવીસી, ઈડીસી વગેરેનો સમાવેશ થાય છે અને ડીજે સ્નેક, ઝોમબોય અને ડિસ્મેન્ટલના લાઈવ્સ માટે દ્વાર ખોલ્યાં હતાં.(૨૨-૧)

માસ્ટરકાર્ડે ફ્લિપકાર્ટ સાથે સહભાગીદારી કરી

Flipkart
Now shop seamlessly on Flipkart using Mastercard

અમદાવાદઃ તહેવારોનો સમયગાળો આવી ગયો છે ત્યારે ૧૦-૧૪ ઓક્ટોબર, ૨૦૧૮ દરમિયાન યોજાનાર ફ્લિપકાર્ટના બિગ બિલિયન ડેઈઝ સેલ માટે માસ્ટરકાર્ડ અને ફ્લિપકાર્ટ સહભાગીદારી કરી હોવાની જાહેરાત કરી છે. આ સહભાગીદારી મારફતે માસ્ટરકાર્ડના કાર્ડધારકોનો પ્રાઈઝલેસ સરપ્રાઈઝિસ જીતવાનો મોકો મળશે.

આ આશ્ચર્યો જીતવાનો મોકો મેળવવા તથા એક સલામત અને ખામીરહીત ઑનલાનિ શોપિંગના અનુભવનો આનંદ માળવા માટે માસ્ટરકાર્ડના કાર્ડધારકો ફ્લિપકાર્ટના તેમના સંબંધિત એકાઉન્ટેસ પર પોતાના કાર્ડની વિગતોને સુરક્ષિતપણે સેવ કરી શકે છે.

ફ્લિપકાર્ટના સીનિયર ડિરેક્ટર અને મનીટાઈઝેશન એન્ડ ગ્રોથના હેડ પ્રકાશ સિકારિયાએ આ સહભાગીદારી અંગે ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે અમે ફ્લિપકાર્ટ ખાતે પરવડે તેવા ધિરાણ અને ચૂકવણીઓના નવીનીકરણ મારફતે ગ્રાહકની સગવડ તથા વિકલ્પો વધારવા માટે કટિબદ્ધ છીએ. માસ્ટરકાર્ડ સાથેની સહભાગીદારીથી અમને હજી વધુ ભારતીયોને આવરી લેવામાં મદદ મળશે, જેથી કરીને તેઓ ભારતના સૌથી મોટા શોપિંગ ફેસ્ટિવલ બિગ બિલિયન ડેઈઝ નો આનંદ માણી શકે. વિશેષ ડિસ્કાઉન્ટ્સ અને આકર્ષક ઈનામો હવે જયારે હાથવગા છે, ત્યારે માસ્ટરકાર્ડના ગ્રાહકો શોપિંગનો ખરેખરો અનેરો આનંદ માણી શકશે.(૧૯-૧)

કિંગફિશર રેડલર સાથે ગુજરાતમાં ઉત્તમ સમયનો પ્રારંભ

KINGFISHER

અમદાવાદ : યુનાઈટેડ બ્રેવરીઝ લિમિટેડે હવે ઘોષણા કરી છે કે તે અમદાવાદ, ગુજરાતમાં કિંગફિશર રેડલરના લોન્ચ સાથેનોન-આલ્કોહોલિક બ્રેવરેજમાં પ્રવેશની ઘોષણા કરી છે. આ સાથે તે સોફ્ટ ડ્રિન્ક કેટેગરીમાં નવો આયામ લાવશે, જે એક ૧૦૦ ટકા નેચરલ ડ્રિન્ક છે જેમાં કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિન્ક્સ કરતા ૩૦ટકા ઓછી સુગર છે. તેની દરેક ચુસ્કીમાં ફ્રેશ બેર્લી માલ્ટ્સ અને નેચરલ લેમન જ્યુસનું યોગ્ય મિશ્રણ છે.

રેડલરના લોન્ચ સાથે તે આરોગ્ય માટે જાગૃત, યુવાનો કે જેઓ નવા રિફ્રેશિંગ વિકલ્પો શોધતા હોયછે. તેના માટેના સેગમેન્ટને ધ્યાનમાં રાખે છે. કિંગફિશર રેડલર આ સાથે યુબીએલ પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં વધુ એક મોટું સિમાચિન્હ તરીકે, તેની અન્ય બ્રાન્ડ જેમકે કિંગફિશર સ્ટોર્મ અને એમ્સટેલની સફલ રજૂાત પછી સ્થાપિત થશે. જેના કારણે વિવિધ કન્જયુમર સેગમેન્ટ્સ તેની ક્ષમતાને વધુ મજબૂત કરશે. આ અંગે યુનાઈટેડ બ્રેવરીઝ લિમિટેડના ચીફ ન્યુ બિઝનેસ ઓફિસર રમેશ વિશ્વનાથને કહ્યું હતું, યુનાઈટેડ બ્રેવરીઝે તેનો પ્રોડક્ટ પોર્ટફોલિયો વિસ્તરિત કર્યોછે અને નવા ગ્રાહકો અને નવા કન્ઝમ્પશનને તે ધ્યાનમાં લેશે.(૪-૫)

એક્સિસ બેંકે કોન્ટેક્ટલેસ પેમેન્ટ સોલ્યુશન્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ

મુંબઈ, દેશમાં ખાનગી ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી બેંક એક્સિસ બેંકે આજે મોબાઈલ એપ્લિકેશન 'એક્સિસ ટેપ એન્ડ પે' પ્રસ્તુત કરી હતી, જે એનાં ગ્રાહકોને કોન્ટેક્ટલેસ મર્ચન્ટ ટર્મિનલ્સ પર તેમનાં એનએફસી-અનેબ્લ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન્સને ટેપ કરીને નાણાકીય વ્યવહારો કરવાની સુવિધા આપશે. આ ખાસિયત એક્સિસ બેંક દ્વારા ઈશ્યૂ થયેલા તમામ માસ્ટરકાર્ડ અને વિઝા, ડેબિટ અને ક્રેડિટા કાર્ડ માટે ઉપલબ્ધ થશે. બેંક ચુકવણીની પ્રક્રિયા ઝડપી અને સુરક્ષિત બનાવવા એચસીઈ (હોસ્ટ કાર્ડ ઈમ્યુલેશન)નો ઉપયોગ કરે છે, જેથી ગ્રાહકને વધારે શ્રેષ્ઠ અનુભવ મળે છે. આ સેવાનો ઉપયોગ કરવા ગ્રાહકને પે સ્ટોરમાંથી એક્સિસ ટેપ એન્ડ પે એપ ડાઉનલોડ કરવી પડશે અને કોન્ટેક્ટલેસ પેમેન્ટ સુવિધા સક્રિય કરવા એપ્લિકેશન પર એક્સિસ બેંકનાં ક્રેડિટ અને ડેબિટ કાર્ડની વિગતો ઉમેરવી પડશે. એપ પર કાર્ડ/કાર્ડ્સ લિન્ક કર્યા પછી ગ્રાહક પેમેન્ટ કરવા માટે કોન્ટેક્ટલેસ પીઓએસ મશીનો પર એનએફસી-અનેબ્લ મોબાઈલ ફોન પર ટેપ કરી શકે છે અને આ માટે ફિઝિકલ પ્લાસ્ટિક કાર્ડ સાથે રાખવાની જરૂર નથી.(૧)

ઈંડિયા ગ્લોબલ હાયર એજ્યુકેશન ફોરમમાં કોલેજ બોર્ડે સ્કોલરશિપની જાહેરાત કરી

સંયુક્ત રાજ્ય અમેરિકા સ્થિત લાભ-નિરપેક્ષ (નોન પ્રોફિટ) શૈક્ષણિક સંગઠન, કોલેજ બોર્ડે આજે પોતાના ઈંડિયા ગ્લોબલ હાયર એજ્યુકેશન ફોરમમાં કોલેજ બોર્ડ ઈંડિયા સ્કોલર્સ પ્રોગ્રામ શરૂ કરવાની જાહેરાત કરી. આ ફોરમ ભારતીય વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ તથા નામાંકન પર કેન્દ્રિત હતી, જેમાં સમગ્ર ભારત ઉપરાંત દુનિયા ભરના વિશ્વવિદ્યાલયો તથા માધ્યમિત વિદ્યાલયોના પ્રતિનિધિઓ એકત્રિત થયા. જેમાં એમ નિર્ણય કરવામાં આવ્યો કે એસએટીની પરીક્ષા આપનારા અને ઉચ્ચ આંક લાવનારા સ્ટુડેંટ્સને તેમની ઉપલબ્ધિ માટે સ્મામનિત કરવામાં આવશે, જયારે નીચા આવક વર્ગના ઉચ્ચ ઉપલબ્ધિ વાળા વિદ્યાર્થીઓને અલાયન્સથી ભારતીય સભ્ય વિશ્વવિદ્યાલયોમાં પૂર્ણ ટ્યૂશન સ્કોલરશિપ મળશે.

કોલેજ બોર્ડની વાઈસ પ્રેસિડેંટ ઈંટરનેશનલ લિંડા લિઊએ જણાવ્યું, ''અમને ભારતમાં ઈંડિયા ગ્લોબલ હાયર એજ્યુકેશન અલાયન્સના સભ્ય વિશ્વવિદ્યાલયોની સાથે ભાગીદારી કરી આનંદ થઈ રહ્યો છે. આ ભાગીદારીના માધ્યમથી અમે દેશમાં સુવિધાવિહીન વિદ્યાર્થીઓ સુધી આ વિશ્વવિદ્યાલયોની પહોંચ વધારવા ઈચ્છીએ છીએ. પ્રવેશ પરીક્ષાના રૂપમાં એસએટીને સ્વીકાર કરી અલાયન્સના સભ્ય સમગ્ર ભારતમાં વિદ્યાર્થીઓ માટે અરજી પ્રક્રિયાને સરળ બનાવીશું. જેથી તપાસ અને સ્કોલરશિપ માટે સંબંધિત ફીમાં કપાતથી સંપૂર્ણ ભારતમાં ઉચ્ચ ઉપલબ્ધિ અને નીચા આવક વર્ગ માટે ઉચ્ચ કક્ષાની અંડરગ્રેજ્યુએટ શિક્ષા સંભવ થશે.''(૧-૭)

સ્વાઈન ફ્લુનો આંતક હજુ યથાવત જારી : વધુ ૪ મોત

અમદાવાદ, સ્વાઈન ફ્લુના કારણે ભારે હાહાકાર જારી રહ્યો છે. આજે વધુ ચાર લોકોના મોત થયા હતા. જે પૈકી ગાંધીનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં બેના મોત થયા હતા જ્યારે રાજકોટ અને જામનગરમાં સારવાર હેઠળ રહેલા બે દર્દીઓના મોત થયા હતા. મોતનો આંકડો વધીને ૩૪ ઉપર પહોંચી ચુક્યો છે. હજુ પણ ૩૯૮ લોકો સારવાર હેઠળ છે. બીજી બાજુ અમદાવામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. નવા નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. અમદાવાદની વાત કરવામાં આવે તો શહેરની હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના ઓક્ટોબર મહિનામાં જ અનેક નવા કેસો નોંધાઈ ચુક્યા છે. આ કેસોની સંખ્યા પહેલી સપ્ટેમ્બરથી લઈને હજુ સુધી ૪૩૭થી પણ ઉપર પહોંચી ચુકી છે. જ્યારે ગુજરાતમાં સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો સપ્ટેમ્બર બાદ ૩૪ ઉપર પહોંચ્યો છે જ્યારે આ વર્ષે હજુ સુધી ૪૫ના મોત થઈ ચુક્યા છે. અમદાવાદ શહેરમાં મોત થવા માટેના કારણોમાં પુરતી સુવિધાનો પણ અભાવ દેખાઈ રહ્યો છે. પહેલી સપ્ટેમ્બર બાદથી રાજ્યમાં સ્વાઈન ફ્લુના ૧૦૮૪થી પણ વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. સ્વાઈન ફ્લુના આંકડાઓને લઈને વિરોધાભાષી અહેવાલ આવી રહ્યા છે. આંકડા છુપાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. ગુજરાત સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વાઈન ફ્લુના જુદા જુદા આંકડા આપવામાં આવી રહ્યા છે જેથી મિડિયામાં પણ સ્વાઈન ફ્લુના કેસોના આંકડા જુદા જુદા નોંધાઈ રહ્યા છે. વડોદરા, સુરતની સાથે સાથે અમદાવાદ શહેરમાં પણ સ્વાઈન ફ્લુના અનેક કેસો નોંધાઈ ચુક્યા છે. રાજ્યભરમાં સેંકડો કેસો નોંધાયા છે અને મોટી સંખ્યામાં હાલ લોકો સારવાર હેઠળ છે. જુદા જુદા વિસ્તારોમાં સ્વાઈન ફ્લુને રોકવા માટે બનતા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે. જરૂરી દવાનો જથ્થો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ સ્વાઈન ફ્લુના ૫૮ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે. મોનસુનની સિઝન પૂર્ણ થયા બા સ્વાઈન ફ્લુના ૭૮૯ કેસ ટેસ્ટ પોઝિટિવ કેસ નોંધાઈ ચુક્યા છે.

પરપ્રાંતિયોની હિજરતને પગલે ઉદ્યોગ ધંધાઓને મોટો ફટકો

ગુજરાતીના દિવાળી-દશેરા બગડે તેવી દહેશત : સરકારે પરપ્રાંતિયોની સુરક્ષા અને પરત લાવવા પ્રયાસો તેજ કર્યા

અમદાવાદ, રાજ્યમાં છેલ્લા ૭ દિવસથી પરપ્રાંતીયો પર હુમલાઓની ઘટનાઓ બની રહી છે. જેને પગલે ગુજરાતમાં ફરીવાર દહેશતનો માહોલ ઊભો થયો છે. પરપ્રાંતીયોની હિજરતને પગલે ગુજરાતમાં વેપાર-ધંધા, ઉદ્યોગને ફટકો પડયો છે. ખાસ કરીને ફરસાણ, મીઠાઈ, રિયલ એસ્ટેટ અને ગૃહઉદ્યોગ પર માઠી અસર પડી રહી છે ત્યારે રાજય સરકારે પણ હવે પરપ્રાંતીયોની સુરક્ષા અને પરત લાવવાના પ્રયાસો તેજ કર્યા છે. રાજયમાં હાલમાં પ્રવર્તી રહેલી સ્થિતિ વચ્ચે મજૂરો-કામદારો માટે કાર્યરત વિવિધ સંગઠનોના દાવા મુજબ, અત્યાર સુધીમાં ગુજરાતના વિવિધ સ્થળેથી લગભગ ૧ લાખ પરપ્રાંતીયો રોજીરોટી છોડી હિજરત કરી ગયા હોવાનું મનાઈ રહ્યું છે. આ સંજોગોમાં કામદારોના રોજગારને તો ફટકો પડયો જ છે સાથે સાથે ગુજરાતના વેપાર-ઉદ્યોગને પણ મોટો ફટકો પડી રહ્યો છે. ગુજરાતમાં અસંગઠીત ક્ષેત્રના બે કરોડ કામદારો છે, જેમાંથી લગભગ ૫૦ લાખ પરપ્રાંતીય કામદારો છે. માત્ર એટલું જ નહીં, ફરસાણ, મીઠાઈ, રિયલ એસ્ટેટ તથા ગૃહ ઉદ્યોગો પર પણ તેની માઠી અસર થઈ છે. આમ પરપ્રાંતીયોની હિજરતને કારણે લોકોના દશેરા-દિવાળી બગડી શકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. શહેરથી લઈ ગામડાઓમાં પાણીપુરી અને પકોડીના ધંધાઓ પણ બંધ થઈ રહ્યા છે. જેના કારણે પકોડીના સ્વાદ પ્રેમીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. તો બીજી તરફ દશેરા અને દિવાળી આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે, પરંતુ હાલ મીઠાઈના દુકાનદારોએ માલ ભરી લીધો છે, પરંતુ કારીગરોના અભાવે મીઠાઈ બનવી મુશ્કેલ છે. રાજયના ધંધા-રોજગારને અસર થતાં સ્થાનિક અને પરપ્રાંતીય મળીને અત્યારે ૧૫ લાખ કામદારો અસરગ્રસ્ત બન્યા છે. એક તરફ ગુજરાત સરકાર ઉદ્યોગોને આકર્ષવા માટે વાઈબ્રન્ટ સમિટ યોજે છે, તો બીજી તરફ કામદારોની સલામતી જાળવવામાં નિષ્ફળ જઈ રહી છે. સોશિયલ મીડિયા પર સોમવારે બંધના એલાનની અફવા ફેલાતા છેલ્લા બે દિવસમાં મોટી સંખ્યામાં સાણંદ, બાવળા, ચાંગોદરમાં આવેલાં ઔદ્યોગિક વિસ્તારોની નજીકના ગામોમાંથી મોટી સંખ્યામાં પરપ્રાંતીયો પોતાના વતન તરફ પલાયન કરી ગયા છે. જોકે, પરપ્રાંતીયોને રોકવા માટે રાજય સરકાર અને તંત્રના અધિકારીઓની સાથે સાથે સ્થાનિક અગ્રણીઓએ પણ કવાયત શરૂ કરી દીધી છે. બોળ, મોતીપુરા, ચરણ, છારોડી જેવા ગામોમાં પરપ્રાંતીયોની સંખ્યા આશરે ૨૫ હજારની આસપાસ હતી, જેમાં ૬૦ ટકા જેટલો ઘટાડો થયો છે અને વતન જતાં રહ્યા છે. નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા તહેવારો નજીક આવી ગયા છે અને રિયલ એસ્ટેટ ઉદ્યોગ શુભ દિવસોમાં લોકોને સપનાનું ઘર આપવા ફ્લોરિંગ, કલરકામ સહિતની છેલ્લા તબક્કાની તડામાર કામગીરી ચાલી રહી હતી ત્યારે જ ડરનો માહોલ ઉભો થતાં પરપ્રાંતીયોનું પલાયન શરૂ થઈ જતાં બિલ્ડર- ડેવલપર્સમાં તહેવારો બગડે તેવી ભીતિ ઉભી થઈ છે. તહેવારોમાં નવી દુકાનો, શો રૂમ, બંગલાનુ કામ પૂર્ણ કરી ગ્રાહકોને સોંપવાના હોય છે. સપનાનું ઘર અને નવી દૂકાનોમાં શ્રેષ્ઠ તહેવારોમાં પ્રવેશ કરવાના સપના ઉત્તર ભારતીય કારીગરો પરત ફરવાને કારણે રોળાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ હવે સરકારે તમામ પ્રયાસો વેગવંતા બનાવ્યા છે.

DhanlaxmiBank
established 1927

પબ્લિક નોટિસ

ધ્યાન આપોઃ તમામ ખાતાધારકો

અમે ભારે ખેદ સાથે એ જણાવીએ છીએ કે વહીવટી કારણોસર અમારી વડોદરા શાખાને અનિવાર્યપણે બંધ કરી રહ્યા છીએ. આથી નોંધ લેવી કે લોકર સુવિધા સાથેની બેન્કિંગ સેવાઓ ૯ નવેમ્બર, ૨૦૧૮ના રોજ બંધ થશે. આથી આપને અનુરોધ છે કે વહેલી તકે બેન્ક શાખાની મુલાકાત લઈને આ નોટિસમાં આપેલ સમયમર્યાદા અંતર્ગત અમારી શાખા સાથેના આપના તમામ વ્યવહાર બંધ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેશો. કોઈ કિસ્સામાં જો તમે નોટિસની સમયમર્યાદા (૯ નવેમ્બર, ૨૦૧૮) સુધીમાં તમારા ખાતા/લોકર સહિત શાખા સાથેનો વ્યવહાર બંધ કરવામાં નિષ્ફળ રહો છો તો તમારા તમામ ખાતા/લોકર અમારી અમદાવાદ શાખા ધનલક્ષ્મી બેન્ક લિ. – ૩ મોતિલાલ ચેમ્બર્સ ઈનકમ ટેક્સ નજીક, સેલ્સ ઈન્ડિયા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે તબદિલ થશે અને તમે ઉક્ત શાખા સાથે વધુ વ્યવહાર/વિગતો માટે સંપર્ક કરી શકો છો.

જો તમારે અન્ય કોઈ સ્પષ્ટતાની આવશ્યકતા હોય તો, તમે નીચે જણાવેલ અધિકારીઓને મળી શકો છો.

૧	બ્રાન્ચ મેનેજર	9727708988	anjalimanish.tank@ dhanbank.co.in
૨	આસિ. બ્રાન્ચ મેનેજર	9825993380	

બ્રાન્ચ મેનેજર, ધનલક્ષ્મી બેન્ક, વડોદરા શાખા, જીએફ/એફએફ, શાઈન પ્લાઝા, પશાભાઈ પાર્ક, નટુભાઈ સર્કલ પાસે, રેસ કોર્સ રોડ, વડોદરા – ૩૯૦૦૦૭.